# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૧-૧૦-૨૦૨૪ સોમવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ૧૬માં નાણાપંચની કેન્દ્રીય ટીમ રાજ્યની મુલાકાતે:

**16મા નાણાપંચની કેન્દ્રીય ટીમ રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે છે. ટીમના સભ્યો એ આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી હતી તેઓ રાજ્ય સરકારના અધિકારીઓ સાથે તથા વિરોધ પક્ષ કોંગ્રેસના નેતાઓ ઉપરાંત શહેરી અને ગ્રામિણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અધિકારીઓ અને પ્રતિનિધીઓ સાથે પણ બેઠક કરશે.**

**આ ટીમ રાજ્ય સરકારની રજૂઆતોને ધ્યાનમાં લઈને વિવિધ યોજનાઓ માટે નાણાની ફાળવણી અંગેનો નિર્ણય લેશે.**

**ઉલ્લેખનીય છે કે, નાણાપંચ દેશનાં વિવિધ રાજ્યોની મુલાકાત લે છે અને જે તે રાજ્યની વસ્તી અને રજૂઆતોને આધારે વિવિધ યોજનાઓમાં નાણાંની ફાળવણી કરે છે.**

**- (RNU અમદાવાદ)**

---

## હેલ્મેટ ફરજીયાત:

**રાજ્યમાં આજથી સરકારી કચેરીઓમાં હેલ્મેટ ફરજિયાત બનાવાયું છે. ગુજરાત વડી અદાલતના આદેશ બાદ રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગે પરિપત્ર કરીને ફરજ પર આવતા કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત પહેરવા આદેશ કર્યો છે. આ ઉપરાંત પાછળ બેસનારે પણ હેલ્મેટ ફરજીયાત પહેરવું પડશે.**

**ગાંધીનગરમાં સચિવાલયના તમામ વિભાગો , રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ , સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં હેલ્મેટ ફરજિયાત કરાયું છે.**

**- (RNU અમદાવાદ)**

---

## ખેડૂતોને ફાર્મર આઈ-ડી:

**એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસોથી રાજ્યમાં ખેડૂતોને આધાર આઈડીની જેમ ફાર્મર આઈડી મળશે.**

રાજ્યમાં ગત ૧૫ ઓક્ટોબરથી ખેડૂત નોંધણીની શરૂઆત કરવામાં આવેલ છે. જે હેઠળ જિલ્લાના તમામ ખાતેદાર ખેડુતોએ આગામી તા.૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ફરજીયાત નોંધણી કરાવવાની રહેશે.

પીએમ કિસાન યોજના ના આગામી ડિસેમ્બરના હતા માટે ખેડૂત આઇડીની નોંધણી ફરજિયાત કરેલ છે. જેથી પી.એમ. કિસાન યોજનાનો લાભ મેળવતા લાભાર્થીએ આ પ્રોજેક્ટ હેઠળ ૨૫ નવેમ્બર પહેલા ફરજીયાત નોંધણી કરાવવાની રહેશે.

આ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનથી દરેક ગ્રામ પંચાયતોમાં નોંધણી થશે. રાજ્ય સહિત જિલ્લામા તમામ ખેડૂતોએ ખેડૂત આઇડીની નોંધણી કરવી ફરજિયાત હોઈ સાધનિક પુરાવા સાથે સંબંધિત ગ્રામ પંચાયત ખાતે સંપર્ક કરી નોંધણી કરાવવાની રહેશે.

અત્રે જણાવીએ કે, ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતો તેઓની તમામ જમીનની માલિકીની માહિતી સરળતાથી મેળવી શકશે. ઉપરાંત નોંધણી થયેથી તમામ ખેડુતો માટે ખેતીવાડી અને ધિરાણ સંબંધી લાભો મેળવવા સરળ બનશે.

નોંધણી અંગેની વધુ માહિતી માટે તાલુકાનાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જે તે ગામના તલાટી કમ મંત્રી, કે ગ્રામસેવકનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

- (મા.ખા, ભુજ)

---

## કચ્છ પ્રવાસનની તૈયારીને આખરી ઓપ:

દેશ વિદેશમાં ખ્યાતી પ્રાપ્ત પર્યટન સ્થળ તરીકે કચ્છનું સફેદ રણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ત્યારે આ વર્ષે ધોરડોની સાથે ધોળાવીરા ખાતે પણ દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષવા તૈયારીઓ આરંભાઈ છે.

આગામી ૧૧ મી નવેમ્બરથી ૧૫ મી માર્ચ ૨૦૨૫ સુધી રણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે, આ વર્ષે રાજ્ય સહીત વિશ્વભરના પ્રવાસીઓ કચ્છનો અમુલ્ય વારસો અને વૈશ્વિક ધરોહર ધોળાવીરા ખાતે હડપ્પીય સંસ્કૃતિની ધરોહરને ઉજાગર કરતો નજારો ઉભો કરવામાં આવ્યો છે. જયારે ધોરડો ખાતે ટેન્ટસીટી ઉપરાંતની વિવિધ સુવિધાઓ ઉભી કરાઈ છે ત્યારે ૧૨૫ દિવસ ચાલનારા રણોત્સવની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

- (NP, કલ્પના શાહ)

---

## દિવાળી પર્વે બજારોમાં ભીડ:

દિવાળીના સપરમા તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે, જીલ્લા મથક ભુજ સહીત જીલ્લાના મુખ્ય શહેરોની બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. દીપોત્સવી પર્વ પહેલા

ઘર, દુકાન-કાર્યાલયોની સફાઈ કામગીરીનો ધમધમત વર્તાઈ રહ્યો છે ત્યારે, સફાઈના નાના મોટા સાધનોની દુકાનો પર ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત, દિવાળી પર્વે લોકો પોતાના ઘર, દુકાનો અને કાર્યાલયોને વિવિધ પ્રકારની રંગોળી, લાઈટીંગ અને દીવડાથી શણગારતા હોય છે ત્યારે ભગવાનના વાઘા, તોરણ, સહીત સુશોભનની વસ્તુઓની દુકાનો પર પણ મહિલાઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આ સાથે, કપડા બજારમાં પણ ઘરાકી જોવા મળી રહી છે.

એકંદરે દિવાળી પર્વને લઈને શહેરો અતેમજ ગ્રામ્ય વિસ્તારોની બજારોમાં ચહેલ પહેલ જોવા મળી રહી છે.

- (NP, કલ્પના શાહ)

---

## પોલીસ સ્મૃતિ દિવસ-જીલ્લામાં કાર્યક્રમ:

આજે પોલિસ સ્મૃતિ દિવસ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે દેશનાં પોલિસકર્મીઓની બહાદુરી અને બલિદાનની પ્રશંસા કરી છે. એક સોશિયલ મિડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા પોલિસકર્મીઓનાં અતૂટ સમર્પણને બિરદાવતા જણાવ્યું કે, તેઓ સાહસ અને દ્રઢ સંકલ્પનું ઉદાહરણ છે.

પૂર્વ કચ્છ પોલીસ વિભાગ દ્વારા શિણાયના પોલીસ હેડ ક્વાટર ખાતે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર સહીત અંજાર, ભચાઉ ડીવીઝનના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહી શહીદ પોલીસ જવાનને શ્રદ્ધાંજલિ આપી હતી. તો, ભુજના પોલીસ હેડ ક્વાટરમાં આવેલ શહીદ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

- (RNU અમદાવાદ, NP, કલ્પના શાહ)

---